Upload 29 05 2024 National 1.20am (NSD) Afternoon-1

# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 29-05-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- ✓ આવતીકાલે લોકસભાની ચૂંટણીના અંતિમ તબક્કા માટે પ્રચાર પડઘમ શાંત થાય તે પહેલાં રાજકીય પક્ષોના સ્ટારપ્રચારકોની જાહેરસભાઓ.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી કન્યાકુમારીની ત્રણ દિવસની મુલાકાતે.
- ✓ સર્વોચ્ચ અદાલતે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની વચગાળાના જામીન લંબાવવાની અરજી ફગાવી.
- ✓ ઉત્તર-પશ્ચિમ અને મધ્યભારતના રાજ્યોમાં આવતીકાલથી ગરમીમાં ઘટાડો થવાની શક્યતા.
- ✓ રેમલ ચક્રવાતથી ભારે વરસાદને પગલે મિઝોરમમાં 23 અને આસામમાં ત્રણના મૃત્યુ.
- ✓ એસબીઆઈએ ચોથા ત્રિમાસિક ગાળામાં જીડીપીમાં 7.4 ટકાની વૃદ્ધિનો અંદાજ વ્યક્ત કર્યો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *CAMAPAIGN*

**લોકસભાની ચૂંટણીનાં સાતમા અને અંતિમ તબક્કા માટે રાજકીય પક્ષોનાં સ્ટાર પ્રચારકો દ્વારા પ્રચાર ચાલી રહ્યો છે. 1 જૂને સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશોમાં 57 બેઠકો માટે ચૂંટણી યોજાશે, જેનાં પ્રચાર પડઘમ આવતી કાલે સાંજે શાંત થશે.**

પ્રધાનમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ બંગાળમાં મથુરાપુરમાં જાહેરસભા સંબોધતા જણાવ્યું હતું કે વિક્સિત ભારત માટે વિક્સિત બંગાળનું નિર્માણ જરૂરી છે. તેમણે રાજ્યની ટીએમસી સરકારની ટીકા કરી હતી.

હવે પછી તેઓ ઓડિશામાં મયુરભંજ, બાલાસોર અને કેન્દ્રાપાડામાં જાહેરસભાઓ સંબોધશે. કોંગ્રેસનાં રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે ઓડિશામાં અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી પંજાબના લુધિયાણામાં જાહેર સભાને સંબોધશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે ઉત્તરપ્રદેશમાં મહારાજગંજ, દેઓરિયા, બલિયા અને સોનભદ્ર ખાતે જાહેર સભાઓ સંબોધશે અને ગાઝીપુરમાં રોડ શો કરશે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ દુધી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે પ્રચાર કરશે. તેઓ રોબર્ટ્સગંજ અને મિરઝાપુર લોકસભા મતવિસ્તારોમાં પણ જાહેર સભાઓ સંબોધશે.

ભાજપના નેતા અને કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ બિહારમાં આરા, બક્સર અને પટણાસાહિબમાં ચૂંટણી સભા સંબોધશે. આરજેડીના વડા લાલુ પ્રસાદ યાદવ તેમનાં પુત્રી અને આરજેડીનાં ઉમેદવાર રોહિલી આચાર્યનાં સમર્થનમાં પાટલીપુત્ર મતવિસ્તારનાં વિવિધ ભાગોમાં પ્રચાર કરશે.

ભાજપના પ્રમુખ જેપી નડ્ડા ઝારખંડનાં દુમકા અને ગોડ્ડામાં ચૂંટણી સભાઓ સંબોધશે, જ્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આવતી કાલે દુમકામાં જાહેર સભા સંબોધશે.

દરમિયાન, ચૂંટણી પંચે છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં થયેલા મતદાનનો આંક પ્રસિધ્ધ કર્યો છે. શનિવારે 58 બેઠકો માટે યોજાયેલા મતદાનમાં સાત કરોડ પાંચ લાખ 44 હજાર 933 લોકોએ મતદાન કર્યું હતું

## *MODI IN KANYAKUMARI*

પ્રધાનમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી 30મેથી કન્યાકુમારીની ત્રણ દિવસની મુલાકાતે જશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, શ્રી મોદી રોક મેમોરિયલની મુલાકાત લેશે અને ધ્યાન મંડપમ ખાતે ધ્યાન ધરશે. આ એ જ સ્થળ છે જ્યાં સ્વામી વિવેકાનંદે સાધના કરી હતી.

એવી માન્યતા છે કે જેમ ગૌતમ બુધ્ધનાં જીવન પર સારનાથનું વિશેષ સ્થાન છે એ જ રીતે આ શિલાનું પણ સ્વામી વિવેકાનંદનાં જીવનમાં વિશેષ સ્થાન છે. દેશભરમાં ભ્રમણ કરીને સ્વામી વિવેકાનંદે અહીં આવીને ધ્યાન કર્યું હતું અને વિક્સિત ભારતની કલ્પના કરી હતી. 30મી મેનાં રોજ અંતિમ તબક્કાનાં મતદાન માટે પ્રચાર પૂર્ણ થાય પછી શ્રી મોદી અહીં આવશે. વર્ષ 2019માં શ્રી મોદીએ છેલ્લાં તબક્કાનાં મતદાન પહેલાં કેદારનાથ ગુફાની મુલાકાત લીધી હતી

## SC – KEJRIWAL

સર્વોચ્ચ અદાલતે આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની વચગાળાનાં જામીન સાત દિવસ માટે લંબાવવાની અરજીને ફગાવી દીધી હતી.

અરજી ફગાવતા સર્વોચ્ચ અદાલતની રજીસ્ટ્રીએ જણાવ્યું હતું કે, શ્રી કેજરીવાલને નિયમિત જામીન મેળવવા માટે ટ્રાયલ કોર્ટમાં જવાની સ્વતંત્રતા આપવામાં આવી હોવાથી અરજી દાખલ કરવા યોગ્ય નથી. ઉલ્લેખનીય છે કે ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાએ 10મેનાં રોજ દિલ્હીના મુખ્યમંત્રીને વચગાળાના જામીન આપ્યા હતા અને 2 જૂને તિહાર જેલમાં શરણે આવવા જણાવ્યું હતું.

દિલ્હી શરાબ કૌભાંડ સંલગ્ન પીએમએલએ કેસમાં ઇડી દ્વારા ધરપકડની યોગ્યતાને પડકારતી કેજરીવાલની અરજી પર બેન્ચે 17મેનાં રોજ ચૂકાદો અનામત રાખ્યો હતો.
આજે અરજી સ્વીકારવાનો ઇનકાર કરતા સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, ધરપકડને પડકારતી અરજી પરનો ચૂકાદો અનામત હોવાથી વચગાળાનાં જામીન લંબાવવાની કેજરીવાલની અરજીને મુખ્ય પિટિશન સાથે કોઈ સંબંધ નથી.

## EAM-UN PEACEKEEPERS

વિદેશ મંત્રી ડૉ એસ જયશંકરે આજે સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષકોના આંતરરાષ્ટ્રીય દિવસે શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયાના માધ્યયમથી ડૉ. જયશંકરે સંઘર્ષથી પ્રભાવિત વિસ્તારોમાં શાંતિ અને સુરક્ષા જાળવનાર પુરુષો અને સ્ત્રીઓની બહાદુરીને સલામ કરી હતી.

## IMD- HEAT WAVE

ઉત્તર-પશ્ચિમ અને મધ્યભારતનાં રાજ્યોમાં ગરમીમાં આવતીકાલથી ક્રમશઃ ઘટાડો જોવા મળશે.

આકાશવાણી સમાચાર સાથેની વિશેષ મુલાકાતમાં ભારતના હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. આર.કે. જેનમણીએ જણાવ્યું હતું કે જમ્મુ-હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર અને ઓડિશામાં બે દિવસ ગરમીની સ્થિતિ યથાવત રહેશે.

દરમિયાન, દક્ષિણ અરબી સમુદ્રનાં કેટલાંક ભાગોમાં નૈઋત્યનું ચોમાસું થોડું આગળ વધ્યું છે. ચક્રવાતી વાવાઝોડાં રેમલને કારણે પૂર્વનાં રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી રહ્યો છે.

ગઈકાલે રાજસ્થાનના ચુરુ જિલ્લામાં દેશમાં સૌથી વધુ મહત્તમ તાપમાન 50.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, રાજ્યમાં શ્રીગંગાનગર, પિલાની અને ફલોદીમાં પણ 49 ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન નોંધાયું હતું. હરિયાણામાં પણ ભીષણ ગરમીનો પ્રકોપ જોવા મળ્યો હતો. સિરસામાં ગઇ કાલે 50.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

દરમિયાન, રાજધાની દિલ્હીના મુંગેશપુર વિસ્તારમાં 49.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## *REMAL CYCLONE DEATH...*

રેમલ ચક્રવાતે પૂર્વ અને ઇશાન ભારતનાં રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદે વિનાશ વેર્યો છે. મિઝોરમમાં 23, આસામમાં ત્રણ અને મેઘાલયમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે.

મિઝોરમના પાટનગર આઇઝોલમાં ભૂસ્ખલનને પગલે ઓછામાં ઓછાં 23 લોકોનાં મૃત્યુ થયા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જાનહાનિ બદલ શોક વ્યક્ત કર્યો છે.

ભારે વરસાદથી આસામમાં ત્રણ વ્યક્તિનાં મૃત્યુ થયા છે અને 17ને ઇજા થઈ હતી. મેઘાલયમાં પૂર્વ જૈંતિયા પર્વતીય જિલ્લામાં દિવાલ તૂટી પડતાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. ત્રિપુરામાં પણ જનજીવન ખોરવાયું હતું. રાજ્યના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. કેટલાક ભાગોમાં વીજળી, પાણી પુરવઠા સાથે ઇન્ટરનેટની સેવાને અસર થઈ હતી.

દરમિયાન, ચક્રવાતી તોફાન રેમલ નબળું પડી ગયું છે અને હવાના તીવ્ર દબાણમાં પરિવર્તિત થયું છે. તેની અસરને પગલે પશ્ચિમ બંગાળમાં આગામી ચાર દિવસ દરમિયાન ભારે વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

## SBI GROWTH RATE

સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાએ નાણાકીય વર્ષ 2023-24નાં ચોથા ત્રિમાસિક ગાળામાં ભારતની કુલ આંતરિક પેદાશ (જીડીપી)માં 7.4 ટકા અને એકંદરે આઠ ટકાની વૃધ્ધિનો અંદાજ વ્યક્ત કર્યો છે.

એસબીઆઇનાં આર્થિક સંશોધન વિભાગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલો અહેવાલ ભારતમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક પ્રવૃત્તિ વધી હોવા પર ભાર મૂકે છે. વાહનોનું વેચાણ, વિમાન પ્રવાસ, જીએસટી વસૂલાત, ક્રેડિટ કાર્ડ વ્યવહારો, પેટ્રોલિયમ પેદાશોનાં વપરાશ અને ટોલ ટેક્સમાં મજબૂત દેખાવ પરથી શહેરોમાં આર્થિક વૃધ્ધિનો સંકેત મળે છે. બીજી બાજુ, ડિઝલનો વપરાશ અને દ્વિચક્રી વાહનોનાં વેચાણ પરથી ગામડાંઓમાં આર્થિક વૃધ્ધિનો સંકેત મળે છે.

## APPOINTMENT

આઇએએસ પ્રદીપ કુમાર ત્રિપાઠીની લોકપાલના સચિવ તરીકે 30 જૂન સુધી નિયુક્તિ કરવામાં આવી છે.

મંત્રીમંડળની નિયુક્તિ સમિતિએ સ્ટાફ સિલેક્શન કમિશનના ચેરમેન તરીકે આઇએએસ રાકેશ રંજનની નિયુક્તિને પણ મંજૂરી આપી છે.

1991ની બેચના આઇએએસ અમિત યાદવને સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગમાં વિશેષ ફરજ પરના અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ 31 જુલાઇએ નિવૃત્ત થનારા વર્તમાન સચિવ સૌરભ ગર્ગનું સ્થાન લેશે.

1990ની બેચજના આઇએએસ રાજકુમાર ગોયલની બદલી ગૃહ મંત્રાલયમાં સરહદ સંચાલન વિભાગના સચિવમાંથી કાયદો અને ન્યાય મંત્રાલયમાં ન્યાય વિભાગના સચિવ તરીકે કરવામાં આવી છે.

## CHHATTISGARH-ENCOUNTER

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં આજે સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક મહિલા બળવાખોર સહિત બે માઓવાદીઓ માર્યા ગયા છે. અથડામણમાં માર્યા ગયેલી મહિલા નક્સલી

પર 8 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. ઘટનાસ્થળેથી માર્યા ગયેલા માઓવાદીઓના મૃતદેહ સાથે બે હથિયારો મળી આવ્યા છે.

## *TELANGANA-CHILD SELLING RACKET*

તેલંગાણામાં બાળકો વેચતી એક આંતરરાજ્ય ગેંગના 11 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

રાચકોંડા પોલીસના જણાવ્યા અનુસાર, આ ગેંગ દિલ્હી અને પૂણે સહિત વિવિધ સ્થળોએથી લાવવામાં આવેલા બાળકોને તેલંગાણા અને આંધ્રપ્રદેશના નિઃસંતાન યુગલોને 1 લાખ એંસી હજારથી સાડા પાંચ લાખ રૂપિયામાં વેચતી હતી. 13 બાળકોને બચાવી લેવાયા હોવાનું પણ પોલીસે કહ્યું હતું.

## *NIA TRAFICKING*

રાષ્ટ્રીય તપાસ એજન્સી એ દેશની ઉત્તર-પૂર્વીય સરહદોમાંથી બાંગ્લાદેશી નાગરિકો અને રોહિંગ્યાઓની ઘૂસણખોરી કરવવાના મામલે મુખ્ય કાવતરાખોરની ધરપકડ કરી છે.

એનઆઈએના જણાવ્યા અનુસાર ત્રિપુરાના રહેવાસી જલીલ મિયાની ધરપકડ કરવામાં આવી છે.